ફેકસ : (૦૭૯)૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬ અને ૨૬૩૦૦૬૬૪
ટેલિગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

નં.આર/ ૧૪૭૨૧ /૨૦૨૧ તા.૧૪-૦૭-૨૦૨૧

**પ્રતિ**

**(૧) ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજના તમામ આચાર્યશ્રીઓ,**
**(૨) યુનિવર્સિટી તમામ વિભાગીય વડાશ્રીઓ તેમજ ડાયરેકટરશ્રીઓ**

## પરિપત્ર

**વિષય : ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં અને પી.જી. વિભાગમાં ઓફલાઈન/પ્રત્યક્ષ રીતે વર્ગખંઠ શિક્ષણ ચાલુ કરવા બાબત**
**સંદર્ભ : (૧) શિક્ષણ વિભાગનો તા. ૦૯/૦૭/૨૦૨૧નો ઠ.ક્ર. પરચ/૨૦૧૮/૬૧-ખ-૧**
**(૨) શિક્ષણ વિભાગનો તા. ૧૪/૦૭/૨૦૨૧નો ઠ.ક્ર. પરચ/૨૦૧૮/૬૧-ખ-૧**

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના ઉપરોકત તા.૧૪/૦૭/૨૦૨૧ના ઠરાવ સાથે સામેલ સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર (S.O.P.)માં દર્શાવેલ સુચનાઓને ધ્યાને લઈ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો તેમજ અનુસ્નાતક કેન્દ્રો (પીજી) માં **તા.૧૫/૦૭/૨૦૨૧થી ઓફલાઈન/પ્રત્યક્ષ રીતે વર્ગ ખંડ શિક્ષણ ચાલુ કરવા જણાવવામાં આવે છે**. ઓફ લાઈન/પ્રત્યક્ષ રીતે વર્ગખંડ શિક્ષણ શરૂ કરવા તથા હોસ્ટેલમાં રહેવા માટે તૈયાર કરવામાં આવેલ વિગતવાર માર્ગદર્શિકા (S.O.P.) આ સાથે સામેલ છે.

Sd/-
**કુલસચિવ**

**બિડાણ : સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર (S.O.P.)**

# શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય

## માર્ગદર્શક સૂચનાઓ:

## ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના વિધાર્થીઓ માટે સંસ્થામાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય શરૂ કરવા માટે

## સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર (SOP)

વંચાણે લીધા:- શિ.વિ. નો. તા.૦૯/૦૭/૨૦૨૧ નો પરીપત્ર ક્રમાંક:- પરચ/૨૦૧૮/૬૧/ખ-૧

**પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય શરૂ કરવા માટે સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર (SOP)**

**A સંસ્થા માટે જરૂરી સુચના**

- વિદ્યાર્થીઓએ સંસ્થામાં હાજર રહેવા માટે તેઓના વાલીની બાંહેધરી સંસ્થાના વડાને સુપરત કરવાની રહેશે. જેનુ નિયત નમુનો એનેક્ષર-૧ મુજબ આ સાથે સામેલ છે.
- કોવિડની તકેદારીના પગલા સ્વરૂપે વિદ્યાર્થીઓ કેમ્પસમાં સ્વયં-શિસ્ત અને કોવિડ સંબંધિત કાળજીભર્યા વર્તનનું પાલન કરે તેવુ જણાવવામાં આવે છે. વિદ્યાર્થીઓએ નીચેની સુચનાઓનું પાલન કરવાનુ રહેશે:
  - o નિયમિત અને યોગ્ય રીતે હાથની સ્વચ્છતા જાળવવી
  - o સામાજિક અંતર જાળવવું
  - o આંખ, નાક અને મોંને સ્પર્શ કરવાનું ટાળવું
  - o હંમેશા ફેસ માસ્ક યોગ્ય રીતે પહેરવું.
- કેમ્પસમાં કોઈ ભીડ ન થાય તે રીતે આયોજન કરવાનું રહેશે અને તે માટે વિદ્યાર્થીઓની સંખ્યાને યોગ્ય રીતે મર્યાદિત કરવાની રહેશે. આ માટે વિદ્યાર્થીઓને તબક્કાવાર બોલાવવાના રહેશે અને વિદ્યાર્થીઓ વચ્ચે ન્યનતમ ૬ ફૂટનું (૨-મીટર) અંતર જાળવવાનુ રહેશે.
- સંસ્થાએ દરેક ફ્લોર પર સેનીટાઇઝર આપવાના રહેશે, વિદ્યાર્થીઓ/સ્ટાફ સાથે વસ્તુઓની આપ-લે કર્યા પછી, દિવાલો, દરવાજા, દરવાજાના હેન્ડલ, સીડીની રેલીંગ, સ્વીચો, વગેરે જેવી સપાટીઓને સ્પર્શ કર્યા પછી સેનીટાઇઝરનો ઉપયોગ કરવો ઇચ્છનીય છે.
- સંસ્થાના બિલ્ડીંગના કોઇપણ ભાગમાં/મેદાન/પર્કિંગ એરિયામાં ભેગા થવાની મંજૂરી નથી અને વિદ્યાર્થીઓએ ગ્રુપમાં મળવાનું ટાળવું જોઇએ. તેઓએ સામાજિક અંતર જાળવવું જોઇએ.
- શૈક્ષણિક કાર્ય શરુ થયા પહેલા તેમજ પુર્ણ થયા બાદ વિધ્યાર્થીઓ ગ્રુપમાં ભેગા ન થાય અને તાત્કાલિક કેમ્પસ બહાર નીકળે તે સુનિશ્વિત કરવાનુ રહેશે તેમજ ડીવીઝન/બેચ મુજબ તબક્કાવાર એન્ટ્રી/એક્ઝીટ સુનિશ્વિત કરવાની રહેશે.
- ક્લાસરૂમ બહાર કેમ્પસમાં યોગ્ય સામાજિક અંતર અને માસ્ક પહેરેલું હોવા છતાં પણ 3-4 થી વધુ વ્યક્તિઓને સાથે બેસવાની મંજૂરી આપવી નહી.

- તમામ પ્રકારની રમતો કે જેમાં શારીરિક સ્પર્શ થઇ શકે તેવી રમતોને રમવાની મંજૂરી નથી. કેમ્પસમાં જિમ સુવિધા સરકારશ્રીની વખતો વખતની સૂચનાને આધીન રહી ખોલવાની રહેશે.
- ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ સંસ્થાના શૈક્ષણિક-બિન શૈક્ષણિક સ્ટાફ તથા વિધાર્થીઓએ રાજ્ય સરકારશ્રી દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવેલ S.O.P. નું પાલન કરવાનું રહેશે.
- સંસ્થાના વિભાગોમાં કોવીડ-૧૯ અંગે જાગૃતિના પોસ્ટરો દર્શાવવાના રહેશ તથા દરેક કર્મચારીઓએ ફરજીયાત યોગ્ય રીતે ફેસ માસ્ક પહેરવાનું રહેશે.
- સંસ્થામાં સાફ સફાઇ તેમજ sanitization/disinfectant spraying સરકારશ્રી ની ગાઈડલાઈન મુજબ વખતો વખત કરાવવાનું રહેશે.

**B એન્ટ્રી /એક્ઝીટ ગેટ પર લેવામાં આવતા સલામતીનાં પગલાં:**

- થર્મલ સ્કેનર્સ, સેનિટાઈઝર, ફેસ માસ્કની પૂરતી વ્યવસ્થા રિસેપ્શન એરિયા સહિતના તમામ એન્ટ્રી અને એક્ઝીટ પોઇન્ટ પર ઉપલબ્ધ કરાવવાની રહેશે.
- સંસ્થામાં પ્રવેશતા તમામ વિદ્યાર્થી/કર્મચારીઓનું થર્મલ સ્ક્રિનિંગ સરકારશ્રીની વખતો વખતની સૂચના મુજબ સુનિશ્ચિત કરવાનું રહેશે.
- એન્ટ્રી ગેટ પર ભીડને ટાળવી અતિ આવશ્યક છે. વિવિધ પ્રોગ્રામ્સ માટે મર્યાદિત સંખ્યામાં એન્ટ્રી /એક્ઝીટ માટે જુદા જુદા પ્રોગ્રામ/કોર્સ માટે જુદા જુદા સમયનુ આયોજન કરવું.
- જો સંસ્થામાં એન્ટ્રી/એક્ઝીટ માટે એક કરતા વધુ ગેટ હોય તો ભીડ ન થાય તે માટે તમામ ગેટનો પૂરતી કાળજી સાથે ઉપયોગ કરવો.
- તાવ, ખાંસી અથવા શ્વાસ લેવામાં તકલીફના લક્ષણો ધરાવતા લોકોને અંદર પ્રવેશવાની મંજૂરી આપવી નહીં.

**C વર્ગખંડ / લેબોરેટરી**

- વર્ગખંડ/લેબોરેટરી ના દરવાજાની સાથે સાથે બારીઓ ખુલ્લી રાખીને રૂમમાં યોગ્ય વેન્ટિલેશન અને હવાની અવરજવર થાય તે મુજબ ની વ્યવસ્થા રાખવાની રહેશે. Air-conditioner નો ઉપયોગ શક્ય હોય ત્યાં સુધી ટાળવાનો રહેશે.
- વર્ગખંડ / લેબોરેટરી ની ૫૦% ક્ષમતા સુધી જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે અને તે મુજબનું સમય પત્રક તમામ પ્રોગ્રામ/કોર્સ માટે તૈયાર કરવાનું રહેશે.
- વર્ગખંડ/લેબોરેટરી માં બે વિદ્યાર્થીઓ વચ્ચે Safe Social Distance નું પાલન કરીને વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવવાની રહેશે.
- વર્ગખંડ/લેબોરેટરીમાં પ્રત્યક્ષ અધ્યયન કરાવવામાં આવતું હોય તેનો લાભ પ્રત્યક્ષ અધ્યયનમાં ભાગ ન લેનાર વિદ્યાર્થીઓ ને મળી રહે તે માટેનું આયોજન કરવાનું રહેશે.
- વર્ગખંડ/લેબોરેટરી ને વખતો વખત સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ સેનેટાઇઝ કરાવવાની રહેશે.

- સંસ્થાના વિદ્યાર્થીઓની સહાયતા માટે એક અધ્યાપકને નોડલ ઓફિસર તરીકે નિમવાના રહેશે, જે વિધ્યાર્થીઓ ને પ્રવર્તમાન COVID સંજોગો માં શારિરિક તકલીફ અંગે અદ્યતન માહિતી રાખશે અને સંસ્થાના વડા દ્વારા દૈનિક ધોરણે આવી માહિતી સંકલિત કરી તે અંગે જરૂરી પગલા ભરવાના રહેશે.
- એસાઇનમેન્ટ, અધ્યયન વગેરેની પ્રવૃત્તિઓ માટે વર્ચ્યુઅલ પ્લેટફોર્મ નો ઉપયોગ કરવાનો રહેશે.

**D સામાન્ય જગ્યાઓ:**

- કોરિડોરમાં સામાજિક અંતર જાળવવું જોઈએ, કોઈ વિદ્યાર્થીઓના મેળાવડાની મંજૂરી આપી શકાશે નહી.
- કોવિડથી સાવચેતીના ભાગ રૂપે સ્વ-શિસ્તની બાબત તરીકે વોશરૂમનો ઉપયોગ કરતી વખતે પણ સામાજિક અંતરનાં ધોરણોનું પાલન કરવાનુ રહેશે.
- બાથરૂમ અને શૌચાલયો વગેરેમાં સ્વચ્છતાની સ્થિતિનું નિયમિત નિરીક્ષણ કરવાનુ રહેશે.
- સંસ્થામાં સ્વચ્છતા અને સેનેટાઇઝેશન નિયમિત કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું આવશ્યક છે તેથી એક સીનીયર કર્મચારીએ તેનું મોનિટરીંગ કરવાનું રહેશે.
- હોસ્ટેલમાં કેન્ટીન/મેસ માટે "હોસ્ટેલ શરૂ કરવાની S.O.P. માં સુચવ્યા મુજબની તકેદારી રાખવાની રહેશે.

**E સામાન્ય આરોગ્ય અને સ્વચ્છતા નિરીક્ષણ:**

- કર્મચારીઓને સમયાન્તરે કોવિડથી સાવચેતી અંગે તાલીમ આપવાની રહેશે અને યુનિવર્સિટી/કોલેજ દ્વારા તેમના પાલન માટે દરેક સમયે દેખરેખ રાખવામાં આવશે.
- શંકાસ્પદ કેસોની જાણ કરવી: તાવ અને ઉધરસ અને શ્વાસની તકલીફ ધરાવતા કોઈપણ વ્યક્તિનો પ્રવેશ અટકાવવો, આવા કિસ્સાઓમાં સંબંધિત વિભાગને જાણ કરવી ફરજિયાત રહેશે. આવા વ્યક્તિને તરત જ નજીકના આરોગ્ય કેન્દ્ર પર જવા જણાવવાનું રહેશે.
- વારંવાર ઉપયોગમાં લેવાતા વોટરરૂમના પોઇંટ્સ અત્યંત સંવેદનશીલ હોવાથી તેને સ્પર્શ કરતા પહેલા અથવા પછી હાથની સ્વચ્છતામાં સાવચેતી રાખવી જરૂરી છે. દરેકને પોતાની પાણીની બોટલ લાવવા અને જનરલ પાણીની બોટલ/મગ/ગ્લાસનો ઉપયોગ ટાળવા પ્રોત્સાહિત કરવા.
- કચરાના સંગ્રહ અને નિકાલ માટે યોગ્ય કાળજી રાખવી, દરેકને કેમ્પસની આજુબાજુ રાખવામાં આવેલા કચરાના ડબ્બામાં ટીશ્યુ, કાગળના નેપકિન્સ, વગેરે કચરાનો નિકાલ કરવા માટે પ્રોત્સાહિત કરવા. દૈનિક સંગ્રહ અને કચરાના નિકાલ માટે હાઉસકીપિંગ દ્વારા સરકારશ્રીની માર્ગદર્શિકા અનુસાર નિકાલ માટેની માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.
- વિદ્યાર્થીઓએ હાથ મિલાવવાનો રહેશે નહિં.
- દરેક સંસ્થાએ તેમની મળેલ ગ્રાંટમાંથી જ સદર સુવિધાનો ખર્ચ કરવાનો રહેશે. અન્ય કોઇ ગ્રાંટ મળવા પાત્ર થશે નહીં.

- આ સુચનાઓ સર્વોપરી અને આખરી નથી. રાજ્ય સરકારશ્રીના ગૃહ વિભાગ અને આ.પ.ક.વિભાગ દ્વારા વખતો વખત પ્રસિદ્ધ કરવામાં આવતી COVID-19 અંતર્ગતની તમામ સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

શિક્ષણ વિભાગની આ માર્ગદર્શિકા (SOP) અને સરકારશ્રી દ્વારા વખતો વખત પ્રસિધ્ધ કરવમાં આવેલ COVID-19ની સુચનાઓમાં જો વિસંગતતાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો સરકારશ્રી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ માર્ગદર્શિકા/સૂચના આખરી ગણાશે.

# હોસ્ટેલ શરૂ કરવા માટે સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર (SOP)

**a હોસ્ટેલ ફરીથી ખોલતા પહેલાના જરૂરી પગલા:**

- કોવિડની તકેદારીના પગલા સ્વરૂપે વિદ્યાર્થીઓને હાથની સ્વચ્છતા, સામાજિક અંતર અને તંદુરસ્ત રહેવા માટે જરૂરી ફેરફારો સાથે જીવન જીવવા અને કાર્ય કરવા માટે અનુકૂળ થવાનું રહેશે.
- હોસ્ટેલમાં એક ઓરડામાં બે થી વધારે વિદ્યાર્થીઓને સાથે રહેવાની મંજૂરી આપવાની રહેશે નહી. કોવિડના લક્ષણો ધરાવતા વિદ્યાર્થીઓને કોઈ પણ સંજોગોમાં હોસ્ટેલમાં પ્રવેશ કે રહેવાની મંજૂરી આપી શકાશે નહીં.
- હોસ્ટેલમાં રહેતા તમામ વિદ્યાર્થીઓનું થર્મલ સ્ક્રિનિંગ સરકારશ્રીની વખતો વખતની સુચના મુજબ સુનિશ્ચિત કરવાનુ રહેશે.
- હોસ્ટેલના કેમ્પસમાં કોઈ ભીડ ન થાય તે રીતે આયોજન કરવાનું રહેશે અને તે માટે વિદ્યાર્થીઓની સંખ્યાને યોગ્ય રીતે મર્યાદિત કરવાની રહેશે.
- વિદ્યાર્થીઓ હોસ્ટેલ કેમ્પસમાં સ્વયં-શિસ્ત અને કોવિડ સંબંધિત કાળજીભર્યા વર્તનનું પાલન કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓએ નીચેની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

o નિયમિત અને યોગ્ય રીતે હાથની સ્વચ્છતા જાળવવી

o સામાજિક અંતરજાળવવું

o આંખ, નાક અને મોંને સ્પર્શ કરવાનું ટાળવું

o હંમેશા ફેસ માસ્ક યોગ્ય રીતે પહેરવું.

- સંસ્થાએ હોસ્ટેલના દરેક ફ્લોર પર સેનીટાઇઝર આપવાના રહેશે, વિદ્યાર્થીઓ/સ્ટાફસાથે વસ્તુઓની આપ-લે કર્યા પછી, દિવાલો, દરવાજા, દરવાજાના હેન્ડલ, સીડીની રેલીંગ, સ્વીચો, વગેરે જેવી સપાટીઓને સ્પર્શ કર્યા પછી સેનીટાઇઝરનો ઉપયોગ કરવો ઇચ્છનીય છે.
- હોસ્ટેલ બિલ્ડીંગના કોઇપણ ભાગમાં ભેગા થવાથી મંજૂરી નથી અને વિદ્યાર્થીઓએ ગ્રુપમાં મળવાનું ટાળવું જોઇએ. તેઓએ સામાજિક અંતર (૬-ફુટ) જાળવવાનું રહેશે.
- હોસ્ટેલની બહાર અને હોસ્ટેલના બગીચામાં, વિદ્યાર્થીઓએ ભેગા થવાનું અથવા ગ્રુપમાં બેસવાનું ટાળવાનુ રહેશે..
- યોગ્ય સામાજિક અંતર અને માસ્ક પહેરેલું હોવા છતાં પણ 3-4 થી વધુ વ્યક્તિઓને સાથે બેસવાની મંજૂરી આપવી નહી.
- તમામ પ્રકારની રમતો કે જેમાં શારીરિક સ્પર્શ થઇ શકે તેવી રમતોને રમવાની મંજૂરી નથી, કેમ્પસમાં જિમ સુવિધા સરકારશ્રીની વખતો વખતની સુચના મુજબ અમલ કરવાનો રહેશે.
- હોસ્ટેલના દરેક રૂમ/ટોઇલેટ્સ/બાથરૂમ/લોબી જેવા તમામ એરીયામાં સાફ-સફાઇ તેમજ sanitization/disinfectant spraying વખતો વખત કરાવવાનું રહેશે.

b. હોસ્ટેલ કેન્ટીન/મેસઃ

- જમવાના રૂમમાં/કિચનમાં પૂરેપૂરી સ્વચ્છતા જાળવવાની રહેશે. વધારે ભીડને ટાળીને, નાના સમૂહોમાં ભોજન પીરસવું. વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે રૂમમાં ભોજનની વ્યવસ્થા સરળ અને વિના વિલંબે ઉપલબ્ધ થઈ શકે તે રીતે ગોઠવણ કરવાની રહેશે.
- ભોજનાલયમાં સંપૂર્ણ કોવીડ-19 નિયમોના પાલનની ખાતરી કરવા માટે સ્લોટ-આધારિત કૂપન સિસ્ટમ દાખલ કરવુ ઇચ્છનીય છે.
- ભોજનાલયના હોલમાં અને રસોઇઘરમાં ફરજ પરના કર્મચારીઓને ફરજ દરમિયાન ફેસ-માસ્ક, હેડકવર અને હેન્ડ ગ્લોવ્ઝ ફરજિયાત રાખવાના રહેશે. ભોજનાલયનો સ્ટાફ પણ સામાજિક અંતરનું પાલન કરવા બંધાયેલ રહેશે.
- હાથ ધોવા માટે જરૂરી સાબુ અને સેનિટાઇઝર પૂરા પાડવાના રહેશે અને નિરીક્ષણ સુનિશ્ચિત કરવા માટે સુપરવાઇઝર રાખવાના રહેશે, હાથમોજા પહેર્યા હોય છતા પણ હાથની સ્વચ્છતા આવશ્યક રહેશે.
- સપાટીઓ અને ફ્લોરની સફાઇ માટે ફુડ ગ્રેડ ડીસઇનફેક્ટર્સ નો ઉપયોગ કરવો. શાકભાજી કે અન્ય ખાદ્ય પદાર્થોને ધોવા માટે કોઇ બ્લીચ, વોશીંગ સોડા, ડીટરજન્ટ પાવડરનો ઉપયોગ ન કરવો. તાજા શાકભાજી અને અન્ય ખાદ્ય પદાર્થોને કાપતા પહેલા ગરમ પાણીથી ધોવાના રહેશે.
- વિદ્યાર્થીઓને સ્વ-શિસ્તતા રાખવા અને જમવા માટે ડાઇનિંગ હોલની અંદર ભીડ કરવાનું ટાળવા પ્રોત્સાહન આપવુ.
- વારંવાર ઉપયોગમાં લેવાતા વોટરરૂમના પોઇંટ્સ અત્યંત સંવેદનશીલ હોવાથી તેને સ્પર્શ કરતા પહેલા અથવા પછી હાથની સ્વચ્છતામાં સાવચેતી રાખવી જરૂરી છે. હાથ દ્વારા ઓછામાં ઓછુ સ્પર્શ થાય એ સુનિશ્ચિત કરવા માટે યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
- માસ્ક, સોશિયલ ડીસ્ટન્સ અને લાઇન પ્રણાલીનું યોગ્ય રીતે પાલન કરવાનુ રહેશે.
- હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ અને કર્મચારીઓએ બજારની મુલાકાત લેવી ટાળવી અથવા મર્યાદિત કરવી.
- સામાજિક અંતરમાં અન્ય વિદ્યાર્થીઓ/મિત્રો સાથે હાથ ન મેળવવાનો પણ સમાવેશ થાય છે. તેથી ઓછામાં ઓછું ૨ મીટર (૬ ફૂટ) નું અંતર જાળવવું હિતાવહ છે.
- ઉધરસ કે છીંક આવે ત્યારે પોતે અને અન્ય આસપાસના વ્યક્તિઓ સુરક્ષિત રહે તે માટે માસ્કથી મોં અને નાકને ઢાંકવા.
- વિદ્યાર્થીઓને અન્યો સાથે કપ, ખાવા-પીવાના વાસણો કે ખાવાપીવાની કોઈ પણ ચીજવસ્તુઓની આપ લે પર પ્રતિબંધ રાખવો.
- વિદ્યાર્થીઓને વખતો વખત દરવાજાની સાથે સાથે કાચની બારીઓ ખુલ્લી રાખીને, રૂમમાં યોગ્ય વેન્ટિલેશન અને હવાની અવરજવર જાળવવા માટે પ્રોત્સાહિત કરવાના રહેશે.
- દરેક વિદ્યાર્થીઓએ પોતાના સાબુ, સેનીટાઇઝર અને અન્યવસ્તુઓ/પદાર્થોનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવા જોઈએ અને આવી સામગ્રીની આપ લે કરવાનું ટાળવું જોઈએ.

- એસાઇનમેન્ટ, અધ્યયન વગેરેની, ગ્રુપ અધ્યયન પ્રવૃત્તિઓ/શૈક્ષણિક કાર્યો માટે વર્ચ્યુઅલ પ્લેટફોર્મનો ઉપયોગ કરવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના રહેશે.

**c. હોસ્ટેલના રૂમમાં:**

- બે કે તેથી વધુ ક્ષમતા ધરાવતા કોઇ પણ રૂમમાં બે કરતા વધારે વિદ્યાર્થીઓ ન હોવા જોઈએ, સાથે રહેતા વિદ્યાર્થીઓએ સામાજિક અંતર જાળવવાનું રહેશે.
- કોવિડથી સાવચેતીના ભાગ રૂપે સ્વ-શિસ્તની બાબત તરીકે કોમન વોશરૂમનો ઉપયોગ કરતી વખતે પણ સામાજિક અંતરનાં ધોરણોનું પાલન કરવાનુ રહેશે..

**d. સામાન્ય જગ્યાઓ:**

- કોરિડોરમાં સામાજિક અંતર (૬-ફુટ/૨-મીટર) જાળવાનુ રહેશે, કોઈ વિદ્યાર્થીઓના મેળાવડાની મંજૂરી આપી શકાશે નહી.
- કોમન વોશરૂમમાં વિદ્યાર્થીઓએ ભીડ ન કરવી. તેઓએ સામાજિક અંતર સાથે વોશરૂમના ઉપયોગ સમયે લાઈન બનાવવી.
- સોશિયલ ડીસટન્સની આવશ્યકતાને ધ્યાનમાં રાખીને, ડાઇનિંગ હોલ, કોમન ઓરડાઓ, રમત-ગમતના એરીયામાં ભીડ ના થાય તેવી વ્યવસ્થા કરવી.
- રસોડા, ડાઇનિંગ હોલ, બાથરૂમ અને શૌચાલયો વગેરેમાં સ્વચ્છતા સુનિશ્ચિત કરવાની રહેશે. વાસણો યોગ્ય રીતે સાફ થાય તે જોવુ.
- તાજુ ભોજન રાંધવામાં આવે તે સુનિશ્ચિત કરવું આવશ્યક છે તેથી એક સીનીયર કર્મચારીએ તેનું મોનિટરીંગ કરવાનું રહેશે

**e. સામાન્ય આરોગ્ય અને સ્વચ્છતા નિરીક્ષણ:**

- આરોગ્ય તપાસ: ગેટ દ્વારા પ્રવેશતા તમામ વ્યક્તિઓનું ફરજિયાત તથા થર્મલ સ્કેનરદ્વારા સ્કિનિંગ કરવુ અને પ્રવેશ પછી લોકોએ કાર્યસ્થળ પર જતા પહેલાં તેમના હાથને સેનીટાઇઝ કરવા.
- શંકાસ્પદ કેસોની જાણ કરવી: તાવ અને ઉધરસ અને શ્વાસની તકલીફ ધરાવતા કોઈપણ વ્યક્તિનો પ્રવેશ અટકાવવો, આવા કિસ્સાઓમાં સંબંધિત વિભાગને જાણ કરવી ફરજિયાત રહેશે. આવા વ્યક્તિને તરત જ નજીકના આરોગ્ય કેન્દ્ર પર જવા જણાવવાનું રહેશે.
- સામાન્ય વાસણો અને ઉપયોગ: દરેકને પોતાની પાણીની બોટલ લાવવા અને જનરલ પાણીની બોટલ/મગ/ગ્લાસનો ઉપયોગ ટાળવો.
- કચરાના સંગ્રહ અને નિકાલ માટે યોગ્ય કાળજી રાખવી, દરેકને કેમ્પસની આજુબાજુ રાખવામાં આવેલા કચરાના ડબ્બામાં ટીશ્યુ, કાગળના નેપકિન્સ, વગેરે કચરાનો નિકાલ કરવા માટે

પ્રોત્સાહિત કરવા. દૈનિક સંગ્રહ અને કચરાના નિકાલ માટે હાઉસકીપિંગ દ્વારા સરકારશ્રીની માર્ગદર્શિકા અનુસાર નિકાલ માટેની માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.

**f. હોસ્ટેલમાં કામ કરતા કર્મચારીઓ (મેસ અને ડાઇનિંગ રૂમ)**

- રસોઈઘર, જમવાની જગ્યા તથા આજુબાજુના વિભાગોમાં કોવીડ-૧૯ અંગે જાગૃતિના પોસ્ટરો દર્શાવી તેઓમાં COVID-19 અંગેની જાગૃતિ કેળવવાની રહેશે.
- માંદગી/આરોગ્યના કોઈ પણ લક્ષણોના કિસ્સામાં કાર્યકારી સ્ટાફને ક્લિનિકલ સારવાર માટે નજીકના આરોગ્ય કેન્દ્રમાં જવા જાણ કરવાની રહેશે.
- કર્મચારીઓએ લંચ માટે તંત્ર દ્વારા આપવામાં આવેલ સોશિયલ ડિસ્ટન્સના નિયમોનું સખત પાલન કરવાનું રહેશે અને સિક્યુરિટી ગાર્ડ અને મેસ સ્ટાફ દ્વારા ડાઇનિંગ હોલમાં વિદ્યાર્થીઓની સંખ્યા પર નજર રાખવાની રહેશે.
- કર્મચારીઓને તેમના સ્વાસ્થ્યની સ્વ-દેખરેખ રાખવા માટે પણ તકેદારી રાખવાની રહેશે.

**g. એન્ટ્રી /એક્ઝીટ ગેટ પર લેવામાં આવતા સલામતીનાં પગલાં:**

- થર્મલ સ્કેનર્સ, સેનિટાઈઝર, ફેસ માસ્કની પૂરતી વ્યવસ્થા રિસેપ્શન એરિયા સહિતના તમામ એન્ટ્રી અને એક્ઝીટ પોઇન્ટ પર ઉપલબ્ધ કરાવવાની રહેશે.
- જો હોસ્ટેલની એન્ટ્રી/એક્ઝીટ માટે એક કરતા વધુ ગેટ હોય તો ભીડ ન થાય તે માટે તમામ ગેટનો પૂરતી કાળજી સાથે ઉપયોગ કરવો.
- તાવ, ખાંસી અથવા શ્વાસ લેવામાં તકલીફના લક્ષણો ધરાવતા વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં પ્રવેશ અંગેની મંજૂરી આપવામાં આવશે નહીં.

**શિક્ષણ વિભાગની આ માર્ગદર્શિકા (SOP) અને સરકારશ્રી દ્વારા વખતો વખત પ્રસિધ્ધ કરવામાં આવેલ COVID-19ની સુચનાઓમાં જો વિસંગતતાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો સરકારશ્રી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ માર્ગદર્શિકા /સૂચના આખરી ગણાશે.**

| | | |
|---|---|---|
| sd- | sd- | sd- |
| નિયામક | નિયામક | કમિશ્નર |
| (ટેકનીકલ શિક્ષણ) | (ઉચ્ચ શિક્ષણ) | (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) |

# એનેક્ષર-૧

## સંમતિ પત્ર

વિદ્યાર્થીનુ નામ________________

એંરોલમેન્ટ નંબર________________

વાલીનું નામ________________

સરનામું________________

________________

મો. નં.________________

તારીખ________________

પ્રતિ,

આચાર્યશ્રી,

________________

**વિષયઃ મારા પુત્ર/પુત્રીને કોલેજમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે મોકલવા અંગે સંમતિ પત્ર આપવા બાબત.**

માનનીય સાહેબશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે કોવિડ-૧૯ ની હાલની પરિસ્થિતિમાં સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ માર્ગદર્શિકા (SOP)નું પાલન કરવાની શરતે વિદ્યાર્થીઓ માટે પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય તા:૧૫/૦૭/૨૦૨૧થી શરુ થનાર છે. મારા પુત્ર/પુત્રી ________________ ને કોલેજમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે મોકલવાની આથી હું સંમતિ આપું છું. મારા પુત્ર/પુત્રી દ્વારા સરકારશ્રીની માર્ગદર્શિકા (SOP) તથા કોવિડ-૧૯ અંગેની ગાઇડલાઇનનું પાલન કરવામાં આવશે તેની હું બાહેંધરી આપું છું. મારા પરિવારમાં કોઈ વ્યક્તિ કોરોના સંક્રમિત હશે કે મારૂ નિવાસ સ્થાન કન્ટેન્ટમેંટ ઝોનમાં આવતું હશે તો મારા પુત્ર/પુત્રીને સંસ્થામાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે નહીં મોકલું તેની હું ખાતરી આપું છું.

અમારી જાણ મુજબ મારો પુત્ર/પુત્રી સંપુર્ણ સ્વસ્થ છે. ભવિષ્યમાં જો મારો પુત્ર/પુત્રી કોવિડ-૧૯થી સંક્રમિત થશે તો તેની જવાબદારી સંસ્થાની રહેશે નહીં.

આપનો વિશ્વાસુ

વિદ્યાર્થીની સહી

વાલીની સહી અને નામ